## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હવે, તમે ત્રણ ઋતુ એમ લખજો કે શિયાળો ઉનાળો અને 'ગોટાળો...!!'

## આજે પર્યાવરણ જાગૃતિ અંગે ઘ-૫ થી રાજભવન સુધી વિદ્યાર્થીનીઓની જાગૃતિ રેલી

ગાંધીનગરમાં તા. ૧૫મી નવેમ્બર શુક્રવારે સાંજે ૪ કલાકે શહેરના હાર્દસમા ઘ-૫ સર્કલથી ચ-૫ સર્કલ થઈને રાજભવન સુધીની પર્યાવરણ જાગૃતિ અંગેની વિદ્યાર્થીનીઓની જાગૃતિ રેલી યોજાશે. વડોદરાની સંસ્થા સ્વર્ણ ભારત પીપલ ફોર હ્યુમનિટી, એનિમલ્સ એન્ડ એન્વાર્યમેન્ટ દ્વારા આયોજિત આ જાગૃતિ રેલીનો ઉદ્દેશ સમગ્ર દેશમાં પર્યાવરણ જાગૃતિ સાથે નદીઓ પુર્વ જિવિત કરવા, ભુગર્ભ જળ સંચય, નદી અને દરિયા કિનારાની સફાઈ, વૃક્ષારોપણ, ટ્રાફિક નિયમન જાગૃતિ, માનવતા અંગે પ્રાણીઓની સુરક્ષા તથા સંવર્ધન અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ જાગૃતિ રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ સાથે સંસ્થાના કાર્યકરો પણ જોડાશે.

# ચિલોડા વિસ્તારમાં દારૂની હેરાફેરી માટે ખેપિયા તરીકે નવયુવાનો હોટ ફેવરીટ

ગાંધીનગર, તા.૧૪

પહેલા દારૂની હેરાફેરી મોટા વાહનમાં થતી હતી, ત્યારબાદ મોંઘીદાટ લકઝરી કારોમાં દારુ ભરીને જે તે સ્થળે ઠલવાતો હતો. પરંતુ પોલીસની ધોંસ વધતા દારૂ પકડાય તેના કરતા ગાડીની કિંમત વધુ હોય છે. જેથી બુટલેગરોને મોટાભાગે નુકશાની વેઠવી પડે છે. જેને પગલે બુટલેગરોએ નુકશાનીમાંથી બચવા અને સલામત રીતે દારુની હેરાફેરી માટે યુવાનો પર પસંદગી ઉતારી હોય તેમ લાગી રહ્યું છે. સરહદી વિસ્તારમાંથી દારુની ગણીગાંઠી બોટલો લઈને બેગમાં ભરીને જે તે સ્થળે પહોંચાડવાના કિસ્સા ખુબ વધી રહ્યા છે. ચિલોડા પોલીસ મથકના વિસ્તારમાંથી છેલ્લા ઘણા સમયથી એસ.ટી કે લકઝરી બસમાંથી દારુના થેલા સાથે ખેપીયા પકડાયા છે. બસમાં દારુની હેરાફેરીના કિસ્સા ખુબ મોટા પ્રમાણમાં વધી ગયા છે. ત્યારે શહેરના એસટી ડેપોમાંથી બે ખેપીયાને સેકટર-૭ પોલીસે પકડી પાડ્યા છે અને તેઓની પાસેથી કુલ ૨૦ બોટલ જપ્ત કરી છે. આ બે ખેપીયા સરહદી વિસ્તારમાંથી દારુ લઈને ગાંધીનગર ખાતે પહોચ્યા હતા.

ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૭ પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ પેટ્રોલીગમાં હતી તે સમયે કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહને એસટીમાં દારુની ખેપ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે એસટી સ્ટેન્ડમાંથી બપોરે અઢી વાગે બહાર નીકળતા એક યુવકને બે થેલા સાથે પકડી પાડ્યો હતો. પકડાયેલો યુવક સાબરકાંઠાનો હિતેશ પોપટભાઈ અસારી (ઉં.વ.૨૩ રહે ભાખરા વિજયનગર) હોવાનું સામે આવ્યું હતું. તેની પાસે રહેલા બે થેલા ચેક કરતા વિદેશી દારુની ૧૪ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૧,૨૦૦ નો દારુનો જથ્થો અને રૂ. ૫૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. તો બીજીબાજુ હે.કો. આશિષસિંહ અને કોન્સ્ટેબલ બેચરબાઈને સંયુકત બાતમી મળી હતી જેને પગલે ડેપોમાંથી બહાર આવતા અન્ય એક યુવકને પકડી પાડીને તેની પુછપરછ કરતા તેની પાસેથી દારુની ૬ બોટલ મળી આવી હતી.પકડાયેલ યુવક રાજસ્થાનના બદામીલાલ ઉર્ફે અશ્વિન શંકર ગૌર (ઉં.વ.૨૨ રહે. વાઘદરી બિછુવાડા) હોવાનુ સામે આવ્યું છે. આરોપી પાસેથી પોલીસે રૂ.૨૪૦૦ ની કિંમતની દારુની ૬ બોટલ અને રૂ.૪ હજારની કિંમતનો મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. સેકટર-૭ પોલીસે બંન્ને યુવકો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી તેઓ દારૂ કયાંથી લાવ્યા હતા અને ગાંધીનગરમાં કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.



ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના સયુંક્ત ઉપક્રમે પંડીત જવાહરલાલ નહેરુની ૧૩૦મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલી આપવાનો કાર્યક્રમ ૧૪મી નવેમ્બર, બપોરે ૨ કલાકે કોંગ્રેસ કાર્યાલય, સે.-૨૨, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્ય ડો. સી.જે.ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસની વિશેષ ઉપસ્થિતીમા યોજવામા આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ કોંગ્રેસજનોએ આધુનિક ભારતના નિર્માતા, પ્રથમ વડાપ્રધાન પંડીત જવાહરલાલ નહેરુ દ્વારા થયેલ ભારત નિર્માણને યાદ કરીને તેમના ચિંધેલા માર્ગે ચાલવાનો સૌ કોંગ્રેસજનોએ સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમા જિલ્લા અને શહેરમાથી મોટી સંખ્યામા કર્યકરો ઉપસ્થિત રહીને પંડીત નહેરુજીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

## સ્વ. રફીની યાદમાં યોજાનારી કરાઓકે સંગીત સ્પર્ધાનું પ્રાયમરી ઓડીશન રવિવારે યોજાશે

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ સંચાલિત 'મેરી આવાઝ સુનો કરાઓકે કલબ' દ્વારા ભારતીય હિન્દી ફિલ્મ જગતના ખ્યાતનામ ગાયક કલાકાર સ્વ. મોહમ્મદ રફીની ૯૫મી જન્મ જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા 'કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધાનો હેતુ ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યના અનુભવી-બીન અનુભવી ગીત ગાવાના સોખીનોને સ્ટેજ પુરૂ પાડવાનો છે. આ 'કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૧૯'માં ભાગ લેવા માટે આગામી તા. ૧૭મી નવેમ્બરે બપોરે ૧૨.૩૯ કલાકે કુડાસણમાં મારૂતિ નેક્ષા શૉ રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ ખાતે આવેલા શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ગાયકોએ તેમના પ્રવેશ ફોર્મ સ્ટુડિયો ખાતે વહેલા તે પહેલાના ધોરણે રૂબરૂ આવી ભરી શકાશે. સંગીત સ્પર્ધાના પ્રાયમરી ઓડિશનમાં શ્રોતાઓને નિઃશુલ્ક પ્રવેશ અપાશે. સ્પર્ધા અંગે વધુ વિગત માટે શ્રવણકુમાર પરમારનો મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ પર અથવા મો. નં. ૮૮૪૯૪૫૪૪૦૫ પર સંપર્ક સાધી શકાશે.



ગાંધીનગર શહેરમાં વન વિભાગે કરેલુ પ્લાન્ટેશન શહેરને નિખાર આપે છે. સારા વરસાદ બાદ ઝાડીઓ વધુને વધુ ઘટાટોપ બની રહી છે. વન વિભાગના કર્મચારીઓ વૃક્ષોનુ ટ્રીમીંગ કરી રહ્યા છે.

# શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના રહીશોને સત્વરે ન્યાય આપવા રજુઆત

## કોંગ્રેસ કાઉન્સીલર હસમુખ મકવાણાએ જિલ્લા કલેક્ટરને પત્ર લખી રજુઆત કરી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના રહીશોને પ્રોપર્ટી કાર્ડમાં થતા અન્યાય અંગે કોંગ્રેસ કાઉન્સીલર હસમુખ મકવાણાએ જિલ્લા કલેક્ટરને પત્ર લખ્યો છે.

મકવાણાએ તેમના આ પત્રમાં ૧૯૬૨-૬૩માં ગાંધીનગર માટે જમીન સંપાદનની કાર્યવાહી કરાયા બાદ જે ગામોની જમીન મેળવવામાં તે ગામોના પ્રશ્નો અને તે ગામના રહીશો માટે સરકારી તંત્રએ ગરજ મટી એટલે વૈદ્ય વેરી જેવો ઘાટ ઉભો કર્યો હોવાની લાગણી અનુભવી રહ્યાનું જણાવ્યું છે.

મકવાણાએ આ પત્રમાં ગ્રામીણ વિસ્તારને ન્યાય આપવા રજુઆત કરી કહ્યુ છે કે એક તરફી નિર્ણય તંત્ર દ્વારા લેવાય તેના કરતાં સૌને સાથે રાખી અને ખુલ્લામને નિર્ણય લેવાય તે જરૂરી છે. શહેરના અસરગ્રસ્તોનો પ્રશ્ન વારંવાર જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં પણ ચમકી ચુક્યા છે જે ઉલ્લેખનીય છે.

મકવાણાએ તેમના પત્રમાં જણાવ્યું છે કે મહામુલી જમીન ગુમાવનાર અને ગાંધીનગરના બાંધકામમાં ભોગ આપનાર અસરગ્રસ્ત ખેડૂતોના ગામમાં જ આજદિન સુધી કોઈ વેરો લેવામાં આવ્યો નથી, તેમજ સને ૧૯૬૨-૬૩માં જ્યારે સંપાદન થયુ ત્યારથી આજદિન સુધી સરકારી રેકર્ડમાં રીસર્વે કે ટેક્ષ અંગેની કોઈ કામગીરી કરવામાં આવી નથી.

અગાઉ ઘણીવાર ગામતળ વધારવા માટેની માંગણી કરવામાં આવેલ છે, જેની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ગામતળ વધારવા માટેનો અને નદી કિનારાના ગામડાઓમાં વધારે ધોવાણના કારણે પોતાના વાડાઓમાં જ નવા મકાનો બનાવવામાં આવેલ હતા, જેના આજદિન સુધી નવા રેકોર્ડો જે તે કચેરી દ્વારા બનાવવામાં આવેલ નથી, જેથી અસરગ્રસ્ત સાત ગામો રજૂઆત કરવા છતાં લાભથી વંચિત રહી ગયેલ છે.

નવા વાડા પત્રકમાં સુધારા-વધારા પણ કરવામાં આવ્યા નથી. જેના કારણે આજે એક ગામ એક કુટુંબમાં ચોથી પેઢીની શરૂઆત ગાંધીનગરમાં જમીન સંપાદન કર્યા પછી થઈ છે. જેથી વાડાઓમાં નવા મકાનો બનાવેલ છે, જેમાં કોઈ વેરો કે ટેક્ષની કોઈ નવી આકારણી આજદિન સુધી કરવામાં આવેલ નથી, જે ખુબજ અન્યાયિક છે.

તેમણે પત્રમાં જણાવ્યું છે કે હાલમાં આપની કચેરી દ્વારા નવા પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે. જેમાં સર્વે કરતી વખતે આપની કચેરી દ્વારા અઢળક પુરાવાઓ માંગવામાં આવેલ છે, જે હાલમાં તમામ સાત ગામડાઓને આવા કોઈ જ પુરાવા સરકાર તરફથી આપવામાં આવ્યા નથી, જેથી કરીને મકાનમાલિકો પાસે સરકારી રેકર્ડ પુરાવાઓ ઉપલબ્ધ ન હોઈ આ સાત ગામની અમુલ્ય જમીન સંપાદન કરનાર અસરગ્રસ્ત ખેડૂતો આ લાભથી વંચિત ન રહે તેવી રીતે આ સર્વે કરીને ન્યાય આપવામાં આવે.

## આગામી અઠવાડિયે ઉત્તર ગુજરાતમાં ફરી માવઠું

### વાવાઝોડા અને પશ્ચિમી વિક્ષેપને કારણે કમોસમી વરસાદ વારંવાર પડે છે

હજુ દિવાળીની આસપાસના દિવસોમાં માવઠુ પડ્યુ હતુ અને વાતાવરણ વાદળછાયુ રહ્યું હતું. છેલ્લા એક અઠવાડીયાથી ઉઘાડ નીકળ્યો છે. જોકે આગામી દિવસોમાં ફરી ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે હાલમાં નવેમ્બર માસમાં પણ રાજ્યના ભાગોમાં ચોમાસા જેવો માહોલ છે અને મોટા કરા સાથે વરસાદ પડવામાં છે. ત્યારે હજુ પણ શિયાળાનો અણસારાનો અહેસાસ થતો નથી. પશ્ચિમી વિક્ષેપના કારણે ઘણી વખત શિયાળામાં પણ માવઠા થતા હોય છે. આ માવઠાના લીધે ક્યારેક ઉભા કૃષિ પાકો પર ફાયદો પણ થતો હોય છે અને ખેતરમાં રહેલા પાથરા, કઠોળ તેમજ અન્ય કપાસ વગેરે પાકોમાં નુકશાન પણ થતુ હોય છે. આથી હવામાનની આવી વિપર્યાયના કારણે ઉત્તર ભારતમાં હવામાન બગડી જતુ પણન હોય છે. તેમાં દિલ્હી ક્ષેત્રનુ હવામાન વધુ કથળતુ હોય છે. આથી ઠંડી અંગે જોઈએ તો તા. ૧૭ થી ૧૯માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થાય અને ઠંડા પવનો ફુંકાય તેની અસરતળે રાજ્યના ભાગોમાં પણ ઠંડા પવનોની અસર રહે. જો કે હજુ શિયાળાની જમાવટ તો ડિસેમ્બર માસમાં થાય. તા. ૧૭ થી ૨૧ અને ૨૩ પછી સમુદ્રમાં ચક્રવાતોની પણ અસરો રહે. જેના લીધે દક્ષિણ ભારતના ભાગોમાં ભારે વરસાદ પણ થઈ શકે. તા. ૧૭ થી ૧૯માં પવનો ફુંકાતા ઉત્તર ભારત તેમજ દિલ્હીના પ્રદૂષણમાં ઘટાડો થવાની સંભાવના રહે. જોકે ધુમ્મસની સ્થિતિ રહેવાની સંભાવના રહે.

# ચિલોડામાં ડામર રોડ બનાવતા વાહનચાલકો અને વેપારીઓને રાહત

ચિલોડા ખાતે ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું હોવાથી સર્વિસ માર્ગ પર ધુળ અને ખાડા ટેકરાને પગલે વાહન ચાલકો અને વેપારીઓ સહિત રાહદારીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. સતત વાહનોની અવરજવરને પગલે ધુળ ઉડતા વેપારીઓને વેપાર પણ અટકી ગયો હતો. દરરોજ વેપારીઓ પાણીનો છંટકાવ કરાવતા હતા. જેને પગલે ધુળ ઓછી ઉડતી હતી. વેપારીઓ પોતાના વેપાર કરી શકતા હતા. ત્યારે તંત્ર દ્વારા કામચલાઉ માર્ગ તૈયાર કરવામાં આવતા વેપારીઓ, રાહદારીઓ અને વાહનચાલકો રાહતની લાગણી વ્યકત કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચિલોડા ઓવરબ્રિજનું કામ ધીમી ગતિએ કાર્યરત છે. બ્રિજ નિર્માણનું કામ શરુ હોવાથી બ્રિજની બન્ને બાજુ સર્વિસ માર્ગ તૈયાર કરાયો છે. ત્યારે સર્વિસ માર્ગ પર ઉબડ-ખાબડ અને ધુળ ઉડતા ઘણા સમયથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. ધુળ ઉડતા કપડા ચા-પાણી, નાસ્તા, તેમજ ખાણીપીણીના વેપારીઓને વેપાર કરવો મુશ્કેલરુપ બની ગયો હતો. જયારે ખરાબ રસ્તાને કારણે વાહનચાલકો પણ હેરાન પરેશાન થઈ ગયા હતા. સાંજ ઢળતા જ ચિલોડા ચાર રસ્તા પર ખરાબ માર્ગ અને ઉડતી ધુળને પગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા હતા. ધુળની ડમરીઓ માર્ગ પર ઉડે નહી તે માટે રોજ પાણીનો છંટકાવ કરવામાં આવતો હતો. ત્યારે ચિલોડાવાસીઓ અને વેપારીઓ દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ માર્ગના સમારકામ માટે રજુઆત કરાઈ હતી. ત્યારે તંત્ર દ્વારા આખરે છેલ્લે નાગરીકોની રજુઆત ધ્યાને લઈને બ્રિજની બંન્ને બાજુના સર્વિસ માર્ગ પર ડામરના રોડ તૈયાર કરાતા નાગરીકો, વેપારીઓ અને વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો છે.






ગાંધીનગર તાલુકામાં ગેરકાયદે રેતીખનન અંગેની વધતી જતી ફરિયાદો પછી હરકતમાં આવેલ મામલતદાર કચેરીની ટીમ ગઈકાલે રાત્રે લેકાવાડા નજીક ચાલી રહેલ રેતીખનન કરનારાઓ પર ત્રાટકી હતી. મામલતદાર સુનિલ રાવલના વડપણ હેઠળની ટીમે નદીના પટમાંથી એક ટ્રેક્ટરને ઝડપી અને પેથાપુર પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ આખી ટેઈડ અંગે જિલ્લા ભૂસ્તર શાસ્ત્રીની કચેરીને રિપોર્ટ પણ મોકલી આપેલ છે. તાજેતરમાં રાત્રિસભા દરમ્યાન ગેરકાયદે રેતી ખનન અંગેની ઉગ્ર રજુઆતો દોલારાણા વાસણા ખાતે મળી હતી. જિલ્લામાં રેતી ચોરીની ઘટનાઓ અંગે છેલ્લા થોડાક સમયથી તંત્ર દ્વારા પણ કાર્યવાહી ધીમી કરવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

## જીવનચક્ર વ્યવસ્થાપન વિષય અંગે આંતરરાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

આંતરરાષ્ટ્રીય પરિષદ ફીક્કી ( ફેડરેશન ઓફ ઈન્ડીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) અને ગુજરાત વન વિભાગના સંયુક્તે ઉપક્રમે બે દિવસીય જીવનચક્ર વ્યવસ્થાપન




વિષય પરના આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન વન સંશોધન સંકુલ, સેકટર-૩૦, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય પરિષદને આજે અગ્ર વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજય ડી.કે. શર્માના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લી મુકવામાં આવી હતી.

અગ્ર વન સંરક્ષક ડી.કે. શર્માએ જણાવ્યું હતું કે, જીવન એટલે કોઈ પણ વસ્તુના ઔદ્યોગિક નિર્માણ, વન, ઘાસિયા મેદાન, ખેતીની પ્રક્રિયા વગેરેમાં વિવિધ પ્રક્રિયાઓનો સમાવિષ્ટ હોય છે. છેલ્લા લાંબા સમયથી આ જીવનચક્ર વ્યવસ્થાપનમાં ફેરફાર આવતાં તેની અસરો આપણે અનુભવી રહ્યા છીએ. વિકાસની સાથે પર્યાવરણની જાળવણી અને જીવનચક્ર વ્યવસ્થાપન પણ ખૂબ જરૂરી છે. નહિતર આજે અનુભવાતી વિવિધ કુદરતી પ્રકોપનો ભોગ બનતા રહીશું. આજે કુદરતના જીવનચક્ર વ્યવસ્થાપનને સતત ધબકતું રાખવું ખૂબ જરૂરી છે.

ગ્લોબલ વૉર્મિંગના કારણે ઋતુચક્રની અસમતુલતાનો ભોગ રાજ્યનું કૃષિક્ષેત્ર બન્યું છે ત્યારે

# સ્ટાર્ટઅપ, ઈનોવેશન અને સંશોધન દ્વારા રાજ્યની યુનિવર્સિટીઓ અગ્રેસર બને : ભૂપેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૧૪

અત્યારે સમગ્ર દેશ અને આપણું રાજ્ય જ્યારે ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાઓનો ભોગ બન્યું છે, તેમાં પણ ખાસ કરીને રાજ્યના ખેડૂતો ગ્લોબલ વૉર્મિંગને કારણે અતિવૃષ્ટિનો ભોગ બન્યા છે. ગ્લોબલ વૉર્મિંગના કારણે ઋતુચક્રની અસમતુલાનો ભોગ રાજ્યનું કૃષિક્ષેત્ર બન્યું છે ત્યારે સ્ટાર્ટઅપ, ઈનોવેશન અને સંશોધન દ્વારા ગ્લોબલ વૉર્મિંગના કારણે ઉદભવતી સમસ્યાઓનો ઉકેલ લાવવા રાજ્યની યુનિવર્સિટીઓને અગ્રેસર બનવા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓને આહવાન કર્યું છે.

આજે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે શિક્ષણ રાજ્ય મંત્રી વિભાવરીબેન દવે તથા અંજુ શર્મા અગ્ર સચિવ શિક્ષણની ઉપસ્થિતિમાં રાજ્યના શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓના કુલપતિઓના એક દિવસીય પરિસંવાદને સંબોધતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આપણું યુવાધન ખુબ જ તેજસ્વી છે, તેમનામાં અગાધ શક્તિઓ પડેલી છે ત્યારે વિદ્યાર્થીઓ-યુવાનો સ્ટાર્ટઅપના વિવિધ પ્રયોગો કે સંશોધનો દ્વારા ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાઓનો ઉકેલ શોધવા પ્રોત્સાહિત બને તેવું વાતાવરણ નિર્માણ કરવાની ખુબ જ જરૂરિયાત છે.



રાજ્યની યુનિવર્સિટીઓ દેશની કે વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં સ્થાન પામી શકે તે દિશામાં પણ નક્કર આયોજન કરવા ચુડાસમાએ કુલપતિઓને અપિલ કરી હતી. વૈશ્વિક કક્ષાએ શિક્ષણના વિવિધ માપદંડોમાં કોઈ ચોક્કસ માપદંડ પસંદ કરીને તેમાં આપણે ક્યાં છીએ અને ત્યાં સુધી પહોંચવા શું કરવું જોઈએ તેનું ચિંતન કરી નક્કી કરેલા લક્ષ્યાંકે પહોંચવા યુનિવર્સિટીઓએ રોડમેપ પણ તૈયાર કરવો જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

ચુડાસમાએ સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાતે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યુ છે તે બદલ ગૌરવની લાગણી વ્યકત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં સ્ટાર્ટઅપનો પ્રારંભ મર્યાદિત સંખ્યામાં થયો હતો પરંતુ આજે સતત ફોલોઅપ અને જહેમતને કારણે સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ રેંકિંગમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે તે કોઈ નાનીસૂની સિધ્ધિ નથી. તે આપણાં યુવાધનની આંતરશક્તિની પ્રતિતિ કરાવે છે.

## સેક્ટર-૩ ખાતે દેવી ભાગવત પુરાણ કથાનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં સેક્ટર-૩માં શ્રી વગડાવાળી ચહેર માતાજીના મંદિર ''આનંદધામ'' ખાતે તા. ૧૯મી નવેમ્બરથી તા. ૨૭મી નવેમ્બર દરમ્યાન દેવી ભાગવત પુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દેવી ભાગવત પુરાણકથા દરરોજ બપોરે ૧.૩૦ થી ૫.૩૦ દરમ્યાન રામધામ વાવોલના મહામંડલેશ્વર પૂ. મધુસૂદનદાસજી બાપુની વ્યાસપીઠે યોજાશે. દેવી ભાગવત પુરાણ કથાના મુખ્ય યજમાન વાવોલના શ્રી કમલાપૂંજ ચેરીટેબલ ટ્રસ્ટ છે. સમગ્ર કથા સંગીત શૈલીમાં યોજાશે જેમાં મા જગદંબાના હૃદયસ્પર્શી પ્રસંગો દ્વારા મનુષ્ય જીવનમાં ઉદ્ભવતી સમસ્યા તેમજ નિરવ શાંતિ થાય તે માટે ધાર્મિક માર્મિક સચોટ દૃષ્ટાંતો દ્વારા દિવ્ય હકારાત્મક ઊર્જા સંચાર થાય તેવા શુભ આશયથી પ્રેરક પથદર્શનના અનન્ય અવસર સમાન વિશેષ વર્ણન આવરી લેવાશે. કથામાં મા જગદંબાના ચરિત્ર લીલા પ્રસંગો ઉપરાંત બાળા બહુચર માતાના આનંદના ગરબાનું મહત્વ સહિતના રસપ્રદ વિષયો પણ આવરી લેવાશે. આ દેવી ભાગવત પુરાણ કથાનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**આત્મા ડાયરેક્ટ એન્ડ સમેતિ**

ATMA GUJARAT

પી-૭, 'એમ' ફ્લોર, કૃષિભવન,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩

આ કચેરીના નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના તાલીમ વર્ગો માટે સવારે ચા/કોફી - નાસ્તો, બપોરનું ભોજન, બપોરની ચા/કોફી તથા સાંજના ભોજન માટે કેટરીંગનો ઓછામાં ઓછો બે વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી પાર્ટીએ જેનું ટર્નઓવર ઓછામાં ઓછુ રૂ. ૧.૫૦ લાખ હોય તેમણે રૂબરૂમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૪/૧૨/૨૦૧૯ સુધીમાં મેળવી તા. ૫/૧૨/૨૦૧૯ના ૧૭.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

નિયામક
સમેતિ, ગાંધીનગર

માહિતી/૧૫૦૬/૧૯-૨૦

**જાહેર નિવિદા**

ડિસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી, આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગરના હેલ્થ એન્ડ વેરનેસ સેન્ટર માટે ઈકો વિનાયલ ફોર્મશીટ ઉપર પ્રિન્ટવાળા બોર્ડ બનાવવાના થાય છે. 3 MM 1x1 ચો. ફુટનો ભાવ RPADથી સીલબંધ કવરમાં દિન-૧૦માં મોકલી આપશો.

**વિનાયલ ફોર્મ શીટ ભાવ પત્રક મોકલવાનું સરનામું**
**મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગર. પીન કોડ - ૩૮૨૦૧૦**

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૪/૧૧/૨૦૧૯
માહિતી/૧૫૦૨/૧૯-૨૦

સહી/-
મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત ગાંધીનગર